ફાયનાન્સિયલ એક્સપ્રેસ

અમદાવાદ, બુધવાર, તા. ૨૪ મે, ૨૦૨૩

# પૌષક લિમિટેડ

CIN: L51909GJ1972PLC044638
રજીસ્ટર્ડ ઓફિસ: એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦૦૦૩
ફોન: +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦
ઈ-મેલ: investors@paushak.com | વેબસાઇટ: www.paushak.com

## નોટીસ
## (કંપનીના ઇક્વિટી શેર્સ ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં તબદિલ કરવા બાબત)

આ નોટીસ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ અન્વયે પ્રકાશિત કરવામાં આવી છે. આ નિયમોમાં, અન્ય બાબતો ઉપરાંત, એવા બધા જ શેર્સ જેના ઉપર સતત સાત વર્ષો સુધી ડીવીડન્ડ ચૂકવાયું નથી કે શેરધારક દ્વારા માંગણી કરાઇ નથી તે ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (IEPF)નાં ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરવાની જોગવાઇ છે.

નિયમોમાં નિર્ધારિત વિવિધ આવશ્યકતાઓનું પાલન કરતા, કંપનીએ જેમના શેર આ નિયમો અન્વયે IEPF ડીમેટખાતામાં ટ્રાન્સફર કરવા પાત્ર થાય છે તે લાગતા વળગતા બધા જ શેરધારકોને તેમના કંપની પાસે ઉપલબ્ધ સરનામાં પર વ્યક્તિગત રીતે યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરી છે.

કંપનીએ આવા શેરધારકોની વિગતો જેવી કે નામ અને ફોલીઓ નંબર/ ડીપી આઇડી, ક્લાયન્ટઆઇડી નીચે દર્શાવેલ વેબલીંક ઉપર મુકેલ છે:
https://www.paushak.com/IEPF.aspx

દરેક નાણાંકીય વર્ષમાં માંગણી નહી કરાયેલ ડીવીડન્ડની વિગતો નીચે દર્શાવેલ વેબલીંક પર ઉપલબ્ધ છે:
https://www.paushak.com/unpaid-or-unclaimed-dividend.aspx

શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વિગતોને ચકાશે અને તેમના માંગણી નહી કરાયેલ ડિવિડન્ડનો દાવો તરત જ કરે.

જેમના શેર્સ IEPF ડીમેટ ખાતામાં ટ્રાન્સફર થવા પાત્ર છે તેવા શેરધારકોએ નોંધ લેવી કે તેમના શેર્સ ફીઝીકલ કે ઇલેકટ્રોનિક ફોર્મમાં, નિયમોમાં આપેલ કાર્યપદ્ધતિ પ્રમાણે IEPF ડીમેટખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. ફીઝીકલ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, IEPF ના ડીમેટ ખાતામાં શેર્સના સ્થાનાંતરણ પછી, તેમના નામ પર નોંધાયેલા મૂળ શેર સર્ટીફીકેટો આપોઆપ રદ થઇ જશે અને બિન વાટાઘાટપાત્ર (નોન - નેગોશીયેબલ) માનવામાં આવશે. ડીમેટ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, કંપની તેમના ખાતામાં રહેલા શેર્સ ને IEPF ડીમેટ ખાતાની તરફેણમાં ટ્રાન્સફર કરવા માટે કોર્પોરેટ એક્શન દ્વારા સંબંધિત ડિપોઝિટરી ને જાણ કરશે.

શેરધારકોએ વધુમાં નોંધ લેવી કે કંપનીએ પોતાની વેબસાઇટ ઉપર મુકેલી વિગતો કંપની દ્વારા આ નિયમો અનુસાર નવા શેર સર્ટિફિકેટ જારી કરવા અને IEPF ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરવા માટે પૂરતી નોટિસ તરીકે ગણાશે.

જો ૩૧મી ઓગષ્ટ, ૨૦૨૩ અથવા કંપની દ્વારા લંબાવવામાં આવેલી અન્ય તારીખ સુધીમાં સંબંધિત શેર ધારકો તરફથી કોઇ સુચના પ્રાપ્ત નહીં થાય તો નિયમોમાં કરાયેલી જોગવાઇના અનુપાલનમાં આ શેર્સ નિયત તારીખે તે નિયમોમાં આપેલી કાર્યપદ્ધતિ પ્રમાણે કંપનીના કોઇપણ પ્રકારની આગળની કાર્યવાહી અથવા જવાબદારી વગર IEPF ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે.

શેરધારકોએ વધુમાં નોંધ લેવી કે IEPF માં ટ્રાન્સફર થયેલા, ન ચુકવાયેલા ડીવીડન્ડ અને શેર્સ અને તેમની ઉપર મળી શકતા બધા લાભો, જો કોઇ હોય તો, સહીત નિયમ પ્રમાણેની કાર્યપદ્ધતિ મુજબ IEPF ઓથોરીટી પાસેથી વેબ ફોર્મ IEPF-5 ભરીને પરત મેળવી શકશે.

જો શેરધારકોને આ વિષયમાં કે નિયમો અંગે કોઇ પ્રશ્ન હોય તો તેઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ લીંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રા. લી. બી-૧૦૨-૧૦૩ શાંગ્રીલા કોમ્પ્લેક્સ, ૧લા માળે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા - ૩૯૦ ૦૨૦. ફોન નં. +૯૧ ૨૬૫ ૬૧૩૬૦૦૦, ઈ-મેલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરે.

**પૌષક લિમિટેડ વતી,**
સહી/-
**સાગર ગાંધી**
કંપની સેક્રેટરી

સ્થળ: વડોદરા
તારીખ: ૨૩મી મે, ૨૦૨૩

આ નોટીસ કંપનીની વેબસાઇટ www.paushak.com ઉપર ઇનવેસ્ટર સેક્શનમાં અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.bseindia.com ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ રહેશે.